[132/A-29G] Seat No: ____________ No. of printed pages: 4

# SARDAR PATEL UNIVERSITY
## B Com (VI - Semester) Examination
## Friday, 29th March, 2019
## 2.00 pm - 4.00 pm
## UB06CCOM01 - Corporate Finance

કુલ ગુણ : ૬૦

નોંધઃ જમણી બાજુ દર્શાવેલ આંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર.૧

(અ) મૂડી પડતરનો અર્થ અને મહત્ત્વ સમજાવો. (૦૭)

(બ) ઈક્વીટી મૂડીની પડતર અને દેવાંની પડતર ગણવા માટેની પદ્ધતિઓ સમજાવો. (૦૮)

અથવા

પ્ર.૧

(અ) મૂડી પડતરના નીચેના ખ્યાલો સમજાવોઃ (૦૬)

(૧) વ્યક્ત પડતર અને ગર્ભિત પડતર (૨) સિમાન્ત પડતર અને સરેરાશ પડતર

(૩) વિશિષ્ટ પડતર અને સંયુક્ત પડતર

(બ) કેશા લિમિટેડની નીચેની વિગતો પ્રાપ્ત થઈ છે : (૦૯)

| મૂડી માળખું | ચોપડે મૂલ્ય (રૂ.) |
|---|---|
| ઈક્વીટી શેરમૂડી (દરેક રૂ. ૧૦ના) | રૂ. ૧૦૦૦૦૦૦ |
| પ્રેફરન્સ શેરમૂડી (દરેક રૂ. ૧૦૦ના) | રૂ. ૨૦૦૦૦૦ |
| અનામત અને વધારો | રૂ. ૧૮૦૦૦૦૦ |
| ડિબેન્ચર્સ (દરેક રૂ. ૧૦૦ના) | રૂ. ૨૦૦૦૦૦૦ |

વધારાની માહિતીઃ

(૧) ઈક્વીટી શેર પર પછીના વર્ષનું અપેક્ષિત ડિવિડન્ડ શેરદીઠ રૂ. ૨ છે. ડિવિડન્ડનો અપેક્ષિત વૃદ્ધિદર ૧૦% છે. ઈક્વીટી શેરની વેચાણ કિંમત રૂ. ૨૫ છે.

(૨) રાખી મૂકેલી કમાણીની મૂડી પડતર ઈક્વીટી શેરની મૂડી પડતર કરતાં ૩% ઓછી છે, એમ ધારો.

(૩) રૂ. ૧૦૦નો એક એવા ૧૨ વર્ષીય રિડીમેબલ પ્રેફરન્સ શેર મૂળ કિંમતે પરત કરવાપાત્ર છે. જેના પર ડિવિડન્ડનો દર ૧૨%, શેર બહાર પાડવાનો ખર્ચ ૪% અને વેચાણ કિંમત રૂ. ૧૦૦ છે.

(૪) રૂ.૧૦૦નો એક એવા ૧૦ વર્ષના ડિબેન્ચર મૂળકિંમતે પરત કરવાપાત્ર, વ્યાજનો દર ૮%, બહાર પાડવાનો ખર્ચ ૪% ને વેચાણ કિંમત રૂ. ૧૦૦ છે.

કરવેરાનો દર ૩૫% છે.

કંપનીની ભારિત સરેરાશ મૂડી પડતર ચોપડે મૂલ્યને ભાર આપીને ગણતરી કરો.

પ્ર.૨

(અ) કાર્યશીલ મૂડીના નીચેના ખ્યાલો સમજાવોઃ (૦૮)

(૧) કુલ કાર્યશીલ મૂડી (૨) ચોખ્ખી કાર્યશીલ મૂડી

(૩) સ્થિર કાર્યશીલ મૂડી (૪) પરિવર્તનશીલ કાર્યશીલ મૂડી

(બ) કાર્યશીલ મૂડીના પ્રાપ્તિ સ્થાનોની ચર્ચા કરો. (૦૭)

અથવા

પ્ર.૨ (અ) કાર્યશીલ મૂડીની જરૂરિયાત નક્કી કરવાના પરિબળોની ચર્ચા કરો. (૦૮)

(બ) નીચેની વિગતો પરથી કાર્યકારી ચક્ર (Operating Cycle)ની ગણતરી કરો. (૦૭)

| વિગત | શરૂઆતની બાકી (રૂ.) | આખરની બાકી (રૂ.) |
|---|---|---|
| કાચો માલ | ૮૦૦૦૦ | ૧૨૦૦૦૦ |
| અર્ધ તૈયાર માલ (ચાલુ કામ) | ૨૦૦૦૦ | ૬૦૦૦૦ |
| તૈયાર માલ | ૬૦૦૦૦ | ૨૦૦૦૦ |
| દેવાદારો | ૪૦૦૦૦ | ૪૦૦૦૦ |
| કાચા માલની ખરીદી | - | ૪૦૦૦૦૦ |
| મજૂરી અને ઉત્પાદન ખર્ચા | - | ૨૦૦૦૦૦ |
| વેચાણ (૧૦૦%) ઉધાર | - | ૧૦૦૦૦૦૦ |

કંપનીને વેપારીઓ પાસેથી ૬૦ દિવસની શાખ મળે છે. એક વર્ષમાં ૩૬૫ દિવસો ધારો.

(P.T.O.)